RAN-2001000105020007

# RAN-2001000105020007

## T.Y.B.A. (Sem. V) Examination November - 2023

## Core Elective Course in Gujarati : Paper 16 (B)

## Apathit - Unseen

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(૧) **નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ **T.Y.B.A. (Sem. V)**

Name of the Subject :

☛ **Core Elective Course in Gujarati : Paper 16 (B) Apathit - Unseen**

Subject Code No.: **2001000105020007**

Seat No.:

Student's Signature

**પ્ર. ૧ નીચેનામાંથી કોઈ પણ પાંચ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૧૦)**

(૧) ડાયસ્પોરા સાહિત્ય સર્જનના મૂળ શેમાં છે? તે જણાવો.

(૨) આધુનિકયુગના ટેકનોલોજીના સમૂહ માધ્યમો કયા કયા છે?

(૩) પ્રતીયમાન અર્થને સમજવા માટે કોનામાં વિશેષ સજ્જતા હોવી જોઈએ?

(૪) કાવ્યશાસ્ત્રમાં અલંકારની ઉપયોગીતા વિશે ચર્ચા કરનાર બે વિદ્વાનોનાં નામ જણાવો.

(૫) નાટકના કથાવસ્તુમાં વચ્ચે - વચ્ચે પ્રયોજાતી પ્રયુક્તિ કઈ છે?

(૬) કવિસમય કોને કહેવામાં આવે છે?

(૭) ગદ્યખંડના વિવરણકર્તાએ વિવેચ્ય વિષયની સમીક્ષા કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

(૮) 'કાયાના સરોવર જાણે હેલે ચડ્યા' - કયા અલંકારનું દૃષ્ટાંત છે?

**પ્ર. ૨ કોઈ પણ એક વિશે સર્જનાત્મક નોંધ લખો. (૧૩)**

(૧) સાહિત્ય અને સમાજ

(૨) દલિત સાહિત્ય

(૩) સાહિત્ય અને ઈન્ટરનેટ

**પ્ર. ૩ ગદ્યખંડનું વિવરણ કરો :** **(૧૩)**

"ત્યારે એમ કહી શકાય કે કાવ્ય થવાનું નિમિત્ત અમુક પ્રકારની પ્રકૃતિમાં જ હોય છે. ગમે તેટલા અભ્યાસી ગમે તેટલા સાહિત્યસંગ્રહથી, કશાથી એ પ્રકૃતિ આવતી નથી. એને નૈસર્ગિક પ્રતિભા કહે છે. જે એવી પ્રતિભાવાળા હોય તે કવિ થઈ શકે. કવિ શબ્દોને વાપરે છે પણ શબ્દોની પાર દેખે છે, વ્યવહારના સંબંધોમાં ફરે છે પણ તે સંબંધની પારના વિશ્વને પોતાનું ગણે છે, ગદ્યનો ઉચ્ચાર કરે છે પણ વ્યાકરણની પારના પદ્યને જ સાકાર કરતો હોય છે. જગતમાં અવલોકન કરવાની જેને ટેવ હશે તે જોઈ શકશે કે માણસોમાં પ્રકૃતિના અનેક અને અનંત પ્રકાર છે. કેટલીક પ્રકૃતિ એવી હોય કે સ્થૂળ પદાર્થ અને તેના સ્થૂલ શબ્દ તે વિના બીજું સમજી જ શકતી નથી. કેટલીક પ્રકૃતિ એવી હોય છે કે સ્થૂલની પારના અર્થ અને સ્થૂલની પારના વિષયો જ સમજી શકે છે, તે સ્થૂલ વ્યવહારમાં ભૂલો કરે છે; કેટલાંકને ગદ્યની ભાષા જ સમજાય છે. કાવ્ય પણ તેવા લોક છંદશાસ્ત્ર પ્રમાણે ગોઠવેલાં અને અનુપ્રાસવાળા ગદ્યને જ કહે છે; કેટલાકને પદ્ય જ એટલું બધું અનુકૂળ થઈ જાય છે કે તેમને ગદ્ય સમજાતું જ નથી. સૃષ્ટિના એના એ જ પદાર્થોમાં પ્રકૃતિ અનુસાર નવાં નવાં વિશ્વ જુદાં-જુદાં મનુષ્યોને સમજાય છે; તેમાં જે મનુષ્યને સ્થૂલની પારનું દર્શન થતું હોય, સ્થૂલની પારની રચના કલ્પનામાં પ્રતીત થઈ જતી હોય, સ્થૂલની પારના સંબંધો ઉપજાવી નવાં વિશ્વ કરવાની શક્તિ સહજ રીતે જ આવેલી હોય, તે વર્ગમાં કવિઓની ગણના થઈ શકે છે."

– મણિલાલ નભુભાઈ દ્વિવેદી

**અથવા**

**પ્ર. ૩ ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો.** **(૧૩)**

(૧) વૃત્તિમય ભાવાભાસ

(૨) સાધારણીકરણ

**પ્ર. ૪** (અ) રૂપક, દષ્ટાંત, અનન્વય અને વ્યાજસ્તુતિ – પૈકી કોઈ પણ બે અલંકાર સોદાહરણ સમજાવો. **(૦૭)**

(બ) કોઈ પણ બે અલંકાર ઓળખાવી તેના સૌંદર્યને સ્ફૂટ કરોઃ **(૦૭)**

(૧) "નિશા ને ઘોર અંધારે પુષ્પની પાંદડી રહે,
પ્રભાતે સૂર્યના દર્શને નવા તેજે હસી પડે"

(૨) "ન એ રુધિર, મૂર્ત ઈશકરુણા તણો એ ઝરો,
મહા દુરિતથી ભર્યા જગ – કલંક ધોવા વહ્યો."

(૩) "સકલંક બને ચંદ્ર ખીલેલી ચાંદની મહી
પરાજીત બને તો જ સામ્યથી સુંદરી મુખ."

(૪) "રાતરાણી ફૂલ મહીં ફૂલ બની ફોર્યે
ડાળથી બે કીકી એમાં મોગરો શો મ્હોર્યો"